## ૧૦.૨.૨. ગુજરાતી વિભાગનો અહેવાલ

પ્રા.ડો.મીનાક્ષીબેન આર. પટેલ

અધ્યક્ષ ગુજરાતી વિભાગ

'ભાષા' એટલે શું? એ પ્રશ્નનો ઉત્તર એક રીતે સહેલો છે, તો અન્ય રીતે મુશ્કેલ છે. પક્ષીઓને જેમ પાંખો હોય છે તેમ મનુષ્યની પાસે ભાષા છે. વિશાળ આકાશમાં મુક્ત રીતે વિહરવા પક્ષીઓને જેમ તેની પાંખો યોગ્યતા બક્ષે છે તેમ બુધ્ધિ અને લાગણીપ્રધાન માનવીને સમજશક્તિ અને સંવેદના પ્રાપ્ત કરવામાં ભાષા વિશેષ શક્તિમાન બનાવે છે.

મા, માતૃભૂમિ અને માતૃભાષા આ ત્રણેય માનવીના જીવનમાં જન્મતાની સાથે ગળથૂથીમાં વણાઇને મળેલો અમૂલ્ય વારસો છે. જેમ ભાષાએ માણસને માણસ સાથે જોડી રાખતી કડી છે તેમ માતૃભાષા માણસોને તેની સંસ્કૃતિ સાથે જોડી રાખતી કડી છે. આપણને આપણા મૂળિયા સાથે જે જોડી રાખે તે માતૃભાષા.

ગુજરાતી ભાષા અર્વાચીન ભાષાઓમાંની એક ભાષા છે. આ ભાષાની ઉત્પત્તિ અપભ્રંશમાંથી ક્રમિક વિકાસ પામીને થઈ હોવાનું હેમચંદ્રાચાર્યે નોંધ્યું છે. ' ગુજરાતી ' ભાષાનો પ્રથમ નામોલ્લેખ ભાલણના' નળાખ્યાન ' માં મળે છે. ગુજરાત પ્રદેશમાં વસતા તે ગુજરાતી એવું નામ પ્રચારમાં આવ્યું હશે.

સૌ પ્રથમ ભાલણે અપભ્રંશ સાથે ' ગુર્જર ભાષા ' અને ' ગુજરભાખા ' નો પ્રયોગ કર્યો છે. એ પછી પ્રેમાનંદે ' નાગદમણ ' માં ' ગુજરાતી ભાષા ' નો સૌ પ્રથમ ઉલ્લેખ કર્યો છે.

આ રીતે ' ગુજરાતી ભાષાનો ' શબ્દપ્રયોગ ઇ.સ.૧૪૫૬ થી શરૂ થાય છે.

આપણા પ્રદેશોને તથા તેની ભાષાને તેમનાં નામ ગુર્જરો પાસેથી મળ્યાં એ ભલે , પણ ગુજરાતી ભાષા કંઇ ગુર્જર પાસે બહારથી આયાત થયેલી ભાષા નથી. એ હિંદી, બંગાળી, મરાઠી આદિની જેમ ભારતના આર્યકુળની જ ભાષા છે.

આ જગતમાં ઘણા ભાષકો અથવા તો વક્તાઓ છે કે જેમણે પોતાની ખમીરવંતી વાણી-ભાષા કે વક્તવ્યને કારણે જગતનો ઇતિહાસ ફેરવી નાખ્યો છે. મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, સોક્રેટીસ, એન્ટની જેવા પુરુષો અન્ય કોઇ પણ શસ્ત્ર કરતાં ભાષાના શસ્ત્ર કે વાણીના શસ્ત્ર બળે ઇતિહાસના પાનામાં ઉજળા બની જીવે છે.

૧. તા.૧૫/૧૦/૨૦૨૦ ગુરૂવાર થી તા.૧૯/૧૦/૨૦૨૦, સોમવાર સુધી ગુજરાતી વિભાગ દ્વારા "સાહિત્ય વિવેચનના સિધ્ધાંતો કલામીમાંસા પ્રશ્નોત્તરી ૨૦૨૦-૨૧" ક્વિઝ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી.

૨. તા.૦૭/૦૧/૨૦૨૧ થી ૧૨/૦૧/૨૦૨૧, ગુજરાતી વિભાગ અંતર્ગત "સ્ટેટ લેવલ ક્વિઝ – સ્વામી વિવેકાનંદ" વિષયના સંદર્ભે યોજાઇ.

૩. તા.૧૮/૦૨/૨૦૨૧ થી તા.૨૨/૦૨/૨૦૨૧ સુધી'વિશ્વ માતૃભાષા' દિવસ નિમિત્તે ગુજરાતી વિભાગ અંતર્ગત ગૂગલ એપના માધ્યમથી ઓનલાઈન આંતર કોલેજ વિચાર લેખનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

## ૧૦.૨.૩ હિન્દી વિભાગ નો અહેવાલ

પ્રા.ડૉ.મનિષાબેન આર. જોગીયા,
અધ્યક્ષ હિન્દી વિભાગ

ભારતીય સંવિધાન પાસે ૨૨ ભાષા છે, જેમાં હિન્દીને રાજભાષાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. સંસ્કૃતિની સંવાહક એવી આ ભાષાને દેશના વધારેમાં વધારે લોકો સમજી શકે છે, બોલી શકે છે અને લખી શકે છે. તે સંસ્કારોની સંવાહક અને પરિચાયક છે. સરળ, સહજ, સુગમ તેમજ વૈજ્ઞાનિક ભાષા છે, સર્વવ્યાપકતા ને કારણે તેમને રાજભાષાનો દરજ્જો પ્રાપ્ત થયો છે, તે રાષ્ટ્રીય એકતાની કડી છે.

"हिंदी है हम, हिंदी है हम.....हिंदोस्ता हमारा हमारा"

૧૪/૦૯/૧૯૪૯નાં દિવસે સંવિધાન સભાએ હિન્દીને રાજભાષા બનાવવાનો નિર્ણય લીધો છે ત્યારથી દર વર્ષે આ દિવસને "હિન્દી દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ ભાષા સંસાર ની સર્વશ્રેષ્ઠ ભાષામાં સ્થાન પામી છે. આ સરળ ભાષા એ લોકહૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે આપણા દેશની સંસ્કૃતિ અને સંસ્કારોનું પ્રતિબિંબ છે. બીજી આ ભાષાની વિશેષતા એ છે કે તે લિપિ પ્રમાણે ચાલે છે. તેમાં જેવું લખાય છે તેવું જ બોલાય છે. દેશમાં એકતા લાવવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. ઉત્તર થી લઈ દક્ષિણ અને પૂર્વ થી લઈ પશ્ચિમ સુધી ભારતની સંવાહક બની છે.વિદ્યાર્થીઓ રાજભાષાનાં મહત્વને સમજે તે માટે કોલેજ કક્ષાએ આચાર્યશ્રીના અધ્યક્ષપણા હેઠળ હિન્દી વિભાગ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

"भाल की शोभा बढाये उसे बिंदी कहते है

राष्ट्र की शोभा बढाये उसे हिन्दी कहते है"

તા.૧૪/૦૯/૨૦૨૦ને સોમવારનારોજ સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અને હિન્દી વિભાગના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ "હિન્દી દિવસની" ઉજવણી કરવામાં આવી જેમાં ઉત્સાહથી પટેલ દમયંતી, પટેલ સંકેત, પટેલ હરીકૃષ્ણ, પટેલ પ્રતિક્ષા, પટેલ મહેશ્વરી અને યશ પટેલે હિન્દી દિવસના મહત્વ વિશે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા સાથે વિશ્વ હિન્દી દિવસની ઉજવણીના પ્રસંગે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, હિન્દી વિભાગના અધ્યક્ષપ્રા.ડૉ.મનિષાબેન આર જોગિયા, ડૉ.પ્રફુલ્લાબેન પટેલ, ગ્રંથપાલ વિષ્ણુભાઈ પઢિયાર અને અંગ્રેજીના પ્રાધ્યાપક ધર્મરાજભાઈ ટેંભરેએ પણ વિદ્યાર્થીઓને હિન્દી દિવસના મહત્વ વિશે માહીતગાર કર્યા સમગ્ર કાર્યક્રમ માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી કરવામાં આવ્યો.


તા.૨૪/૧૦/૨૦૨૦ ગુરૂવાર થી તા.૨૭/૧૦/૨૦૨૦ હિન્દી વિભાગ દ્વારા ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર સહભાગી થયા. .

તા.૦૬/૦૧/૨૦૨૧ ના રોજ હિન્દી ગદ્ય સાહિત્યનાં પિતા ભારતેન્દુ બાબુ હરિશચંદ્રની પુણ્યતિથીની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજનાં તેજસ્વી તારલાઓ જૈનિકા પટેલે ભારતેન્દુ બાબુનાં વ્યક્તિત્વનો પરિચય, પટેલ મહેશ્વરી એ તેમના સાહિત્યનો પરિચય, અને નૈતિક દેસાઈએ બાબુજીનાં પુન:ર્જાગરણ અને નવોત્થાનની વાત કરી. દમયંતિ પટેલ અને ભૂમિકા પટેલે ભારતેન્દુ યુગની વિશેષતાઓની માહિતી આપી પટેલ હરિકૃષ્ણ એ ભારત દુર્દશા નાટક અને અનિતા પટેલે 'અંધેરી નગરી' અંજલી પટેલે 'નિલદેવી' નાટક્નો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.

તા.૧૦/૦૧/૨૦૨૧ના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી ખૂબજ ઉત્સાહ સાથે ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવી હતી. ભાવિની પટેલે 'વિશ્વ હિન્દી દિવસ'ની શરૂઆત શાં માટે થઈ તેમજ પ્રતિક્ષા પટેલે આ દિવસનું મહત્વ સમજાવ્યું હતુ.

વિશ્વ હિન્દી દિવસની ઉજવણી






વિશ્વ હિન્દી દિવસની ઉજવણીમાં ઉપસ્થિત આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ

## ૧૦.૨.૪ સંસ્કૃત વિભાગનો અહેવાલ

પ્રા. યોગેશકુમાર એન. ટંડેલ (સંસ્કૃત વિભાગાધ્યક્ષ)

વિશ્વની સૌથી પ્રાચીનતમ ભાષા સંસ્કૃત છે. સ્વયં બ્રહ્મા તથા દેવોની ઉત્પત્તિની સાથે જ સંસ્કૃત ભાષાની પણ ઉત્પત્તિ થઇ હતી. તેથી જ તો તેને દેવવાણી અર્થાત્ દેવોની ભાષા પણ કહેવાય છે. વિશ્વનો સૌ પ્રથમ ગ્રંથ ઋગ્વેદ સંસ્કૃતમાં રચાયો હતો. બધા જ વેદોની મૂળ ભાષા સંસ્કૃત છે. ત્યાર બાદ રચાયેલ બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, વેદાંગો, રામાયણ, મહાભારત પુરાણો આદિ ગ્રંથો પણ મૂળ સંસ્કૃતમાં જ છે, જેનું જ્ઞાન માનવીને કૃતકૃત્ય કરે છે. વિશ્વનું બધું જ

સાહિત્ય સંસ્કૃતમાં જોવા મળે છે. ધર્મશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, આયુર્વેદશાસ્ત્ર આદિ સમસ્ત શાસ્ત્રોના મૂળ સંસ્કૃતમાં જોવા મળે છે. સંસ્કૃત માટે કહેવાયું છે કે,

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'

સંસ્કૃત ભાષા સરળ, મધુર, સુંદર, ભવ્ય, લાલિત્યપૂર્ણ અને લાઘવથી યુક્ત છે. વિશ્વના સમસ્ત ભાષાઓના સંમ્મેલનોમાં સંસ્કૃત ભાષા આજે ઉન્નત મસ્તકે પોતાની વિજયપતાકા લહેરાવી શકે છે. કેટલાક અજ્ઞાનીઓ સંસ્કૃતને મૃત ભાષા કહે છે, જે તેઓની જ મૂર્ખતાને સાબિત કરે છે.

'भाषासु मधुरा मुख्या दिव्या गीर्वाणभारती ।'

વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનું મહત્વ સમજે તથા તેઓના જ્ઞાનમાં વધારો થાય અને વધુને વધુ વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં અભિરુચિ ધરાવે તેમજ કોરોના મહામારીના દિવસો દરમ્યાન પોતાના સમયનો સદુપયોગ કરી શકે એ હેતુસર અત્રેની કૉલેજ દ્વારા સંસ્કૃત વિભાગ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

૧. તા.૧૪/૦૫/૨૦૨૦ થી ૧૭/૦૫/૨૦૨૦ દરમ્યાનાIQAC અને સંસ્કૃત વિભાગ અંતર્ગત"COVID - 19 Awareness Quiz - 2020" ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫૦૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ૪૮૯ સ્પર્ધકોને ઈ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

૨. તા.૧૮/૦૫/૨૦૨૦ થી ૨૨/૦૫/૨૦૨૦ દરમ્યાન સંસ્કૃત વિભાગ અંતર્ગત "नीतिशतकम् - Online Quiz" નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ૪૨૬ સ્પર્ધકોને ઈ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

૩. તા.૨૬/૦૫/૨૦૨૦ થી ૩૧/૦૫/૨૦૨૦ દરમ્યાન સંસ્કૃત વિભાગ અનેIQAC અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ "संस्कृतसाहित्यम् Quiz - 2020" નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત રાજ્ય તથા તે સિવાયના ઉત્તરપ્રદેશ, બિહાર, કેરલ, ઉત્તરાખંડ, ઓડીસા, દિલ્લી, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, હરિયાણા, કર્ણાટક, રાજસ્થાન, હરિદ્વાર, જમ્મુ અને કાશ્મીર, સિક્કિમ, અસમ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ત્રિપુરા, પંજાબ, ગોવા, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, દીવ આદિ અનેક વિસ્તારોના ૭૯૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ૫૪૫ સ્પર્ધકોને ઈ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

૪. તા.૨૮/૦૫/૨૦૨૦ થી ૩૧/૦૫/૨૦૨૦ દરમ્યાન ઈતિહાસ વિભાગ, સંસ્કૃત વિભાગ અને IQAC અંતર્ગત "ગુજરાતનું કલા-સ્થાપત્ય Quiz" નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ૩૮૧ સ્પર્ધકોને ઈ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા

## ૧૦.૨.૫. ઈતિહાસ વિભાગનો અહેવાલ શૈ.વર્ષ -૨૦૨૦-૨૦૨૧

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઇ ચૌધરી
(ઇતિહાસ વિભાગાધ્યક્ષ)

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. વર્તમાન માનવ ઇતિહાસમાં જ્ઞાન વિજ્ઞાન, સંશોધનો અને શિક્ષણનું ટેકનોલોજીને કારણે નવિનીકરણ થતા જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે. રાષ્ટ્રના ઇતિહાસનું ઘડતર અને ચણતર મહાન પુરૂષો દ્વારા જ થાય છે. આવા મહાન પુરૂષોનું જીવન અને તેમના વિચારોનું ચિંતન ભાવિ પેઢીને પ્રેરણા અર્પી શકે છે. બહુરત્ના વસુંધરાની કુંખે અનેક રત્નોએ જન્મ લીધો છે, મહાન મહાત્માઓ, મક્કમ મુત્સદ્દીઓ, વિજેતા અને વીરપુરૂષો પેદા થયા છે. પરંતુ આ જગતમાં એ લોકોની જ કદર થઇ છે, જેમણે 'બહુજન હિતાય, બહુજન સુખાય' પોતાનું સર્વસ્વ જીવન રાષ્ટ્રના અને વિશ્વના કલ્યાણ અર્થે સમર્પિત કર્યું છે. જેમકે મહાત્માં ગાંધી, લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ, નૂતન ગતિશીલ વિચારોના જનક ડૉ.ભીમરાવ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, સાદગીને વરેલા લાલબહાદુર શાસ્ત્રી, શિક્ષણ આલમના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન, વિશ્વની ધરા પર ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ, રાષ્ટ્રને માટે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર કેટલાય વીર શહીદો, જેનુ હૈયુ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલુ છે, એવા સ્વદેહે ન હોવા છતા અક્ષરદેહે લોકોના હ્રદયમાં બિરાજમાન છે, એવા ભારતીય લોકનેતાઓના જીવનમાંથી આજનાં વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે, એમના જીવનને જાણે, સમજે અને પોતાના જીવનમાં પ્રગતિ કરી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને. તેમજ UPSC/GPSC દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઇતિહાસ વિષયનાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ઇતિહાસ વિષય પ્રત્યે રસ, રૂચિ કેળવાય અને જ્ઞાનમાં વધારો થાય. કોવિડ-૧૯નું ગ્રહણ સમગ્ર વિશ્વને લાગ્યુ છે ત્યારે વિદ્યાર્થી જગતને આધુનિક ટેકનોલોજીના યુગમાં આ ટેકનોલોજીના સદુપયોગ થકી વિદ્યાર્થીઓમાં નવી ચેતના ભરવાની, આજની યુવા શક્તિને જગાડવાની અને તેને વિકાસની કેડી પર લઇ જવાની તાતી જરૂરિયાત છે. આજનું બાળક આવતીકાલના ભારતનું ભાવિ છે. આજના કોરોનાના કપરા કાળમાં તેમનામાં નવીન વિચાર સ્ફૂરે, જુસ્સો, જોમ જળવાય, મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત બનીને રહે, નૂતન વિચારોને ગ્રહણ કરે અને સમય, સંજોગોના સથવારે વિવિધ પ્રવૃતિઓમાં તેનું મન પરોવાય એવા પ્રયાસો ઇતિહાસ વિભાગ તરફથી તથા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યા છે. અને એ હેતુને ચરિતાર્થ કરવા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ઓનલાઇન પ્રવુતિઓ, જેમકે ક્વિઝ, વેબિનાર, સેમિનાર, વિચારલેખન, મોબાઇલ વિડિયો ક્લિપ, ગૃપચર્ચા જેવા

કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની એક ઝાંખી અહીં પ્રસ્તુત કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

૧. તા.૨૭/૦૫/૨૦૨૦, બુધવાર થી તા.૩૧/૦૫/૨૦૨૦, રવિવાર, “ઈતિહાસ ક્વિઝ સ્પર્ધા” “પ્રશ્ચિમ જગતનો ઈતિહાસ” જેમાં ૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો.

૨. તા.૨૮/૦૫/૨૦૨૦, ગુરૂવાર થી તા.૩૧/૦૫/૨૦૨૦, રવિવાર, “ગુજરાતનું કલા-સ્થાપત્ય ક્વિઝ” જેમાં ૮૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો અને ૩૮૧ ઈ-પ્રમાણપત્ર એનાયત કરાયા.

૩. તા.૦૧/૦૬/૨૦૨૦, સોમવાર થી તા.૦૫/૦૬/૨૦૨૦, શુક્રવાર, “ભારતનો ઈતિહાસ મુઘલયુગ” ક્વિઝ સ્પર્ધા ઓનલાઇન યોજાઇ જેમાં ૧૩૨ સ્પર્ધકોએ ભાગ લીધો અને પ્રમાણપત્રો એનાયત કરાયા.

૪. તા.૦૫/૦૯/૨૦૨૦, શનિવાર, “સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઈતિહાસ” વિષય સંદર્ભે ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વેબિનાર માટે આર્ટ્સ & કોમર્સ કોલેજ વ્યારા, જિ.તાપીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ અને એસો.પ્રા. ડૉ.ધર્મેશભાઈ સી.પંડ્યા સાહેબે એમના અનુભવનો લાભ વિદ્યાર્થી અને અધ્યાપકોને પૂરો પાડ્યો.

૫. તા.૨૬/૦૯/૨૦૨૦, શનિવાર થી તા.૦૨/૧૦/૨૦૨૦, શુક્રવાર સુધી IQAC, REDC, સપ્તધારા, રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અને ઈતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ૧૫૧મી ,મહાત્મા ગાંધીજી અને ૧૧૬મી લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ક્વિઝ સ્પર્ધા, ઓનલાઈન વ્યાખ્યાન, ગાંધીગીત, ભજન, ધૂન, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓ વિદ્યાર્થીઓના સંપૂર્ણ સહયોગથી હાથ ધરવામાં આવી.

૬. તા.૨૮/૦૯/૨૦૨૦, સોમવાર, ગાંધીજી અને ભારત, ગાંધીજી અને નઈતાલિમ વિષય સંદર્ભે ઈતિહાસ વિભાગ દ્વારા માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કોલેજના વિદ્યાર્થીઓના સહિયારા પ્રયાસથી ઓનલાઈન ગૃપચર્ચા કાયકમ આયોજિત કરવામાં આવ્યો હતો.

૭. તા.૨૯/૦૯/૨૦૨૦, મંગળવાર, વિઝિટિંગ લેકચરર, ડિપાર્ટમેન્ટ ઑફ હિસ્ટ્રી, ભાવનગર યુનિવર્સિટીના પ્રા.ડૉ.ગિરિશભાઈ વાઘેલા દ્વારા “ગાંધીજી અને દક્ષિણ આફ્રિકા” વિષય પર ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

૮. તા.૩૦/૦૯/૨૦ને બુધવારના રોજ પી.આર.બી..આર્ટસ & પી.જી.આર. કોમર્સ કોલેજ બારડોલી, ઈતિહાસ વિભાગના અધ્યક્ષ એસોસિયેટ પ્રો.અમીબેન પી.નાયક દ્વારા “ગાંધીજી અને દાંડીકૂચ” વિષય પર ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

૯. તા.૩૧/૧૦/૨૦૨૦, શનિવાર ઇતિહાસ વિભાગ અંતર્ગત "રાષ્ટ્રીય એકતા દિવસ" ૧૪૫મી સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે વિવિધ વિષય સંદર્ભે વિદ્યાર્થીઓ દ્વારા વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પટેલ હરિકૃષ્ણ, પટેલ સ્નેહાંગી, પટેલ પ્રતિક્ષા, પટેલ જૈનિકા, પટેલ કૃનાલ, પારસે વિષય સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

૧૦. તા. ૦૫/૧૨/૨૦૨૦, ઈતિહાસ વિભાગ અંતર્ગત ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પટેલ પ્રતિક્ષા, પટેલ મોહિની, પટેલ જૈનિકા, પટેલ સ્નેહાંગી વગેરે વિદ્યાર્થીઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનની સાથે જોડાયેલી વાતો અંગે પોતાના વિચારો રજૂ કર્યા.

૧૧. તા.૦૭/૦૧/૨૦૨૧ થી તા.૧૩/૦૧/૨૦૨૧ સુધી ઇતિહાસ વિભાગ અંતર્ગત "સ્વામી વિવેકાનંદ ડૉક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ અને ઑડિયો રેકોર્ડિંગ" કાર્યક્રમ ગૂગલ મીટના માધ્યમ દ્વારા આયોજીત થયો હતો,સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું ઓનલાઈન આયોજન કરવામાં આવેલ હતુ.

૧૨. તા.૨૩/૦૧/૨૦૨૧ને શનિવારના રોજ ઇતિહાસ વિભાગ દ્વારા "૧૨૫મી નેતાજી સુભાષચંદ્ર બોઝ"ની જન્મ જયંત્તિ "પરાક્રમ દિવસ"ની ઉજવણી નિમિત્તે ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતુ.


૧૩. તા.૦૮/૦૩/૨૦૨૧ સોમવારના રોજ IQAC કમિટી, રૂસા અને ઈતિહાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે "આંતરરાષ્ટ્રીય મહિલા ડે" ગુગલ મીટના માધ્યમથી કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વક્તા તરીકે આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ઈન્દ્રપુર, પૂના (મહારાષ્ટ્ર) હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. સિતાબાઈ નામદેવ પવારે વિષયના અનુસંધાને વ્યાખ્યાન આપ્યુ હતું.


૧૪. તા.૨૩/૦૩/૨૦૨૧ સોમવારના રોજ ઈતિહાસ વિભાગના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ માતૃભૂમિની સ્વતંત્રતા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપનાર વીર ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવના જીવનમાંથી રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રભક્તિ અદા કરે એ હેતુથી "શહિદ દિન"ની ઉજવણી કરવામાં આવી.


૧૫. તા.૧૪/૦૪/૨૦૨૧ બુધવારના રોજ ડૉ.બાબાસહેબ આંબેડકરની ૧૩૦મી જન્મ જયંતિ નિમિત્તે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ ઇતિહાસ વિભાગ અંતર્ગત માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું.

૧૬. તા.૩૦/૦૪/૨૦૨૧ થી તા.૦૫/૦૫//૨૦૨૧ સુધી ઇતિહાસ વિભાગ અંતર્ગત ૬૧માં ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે ઓનલાઇન "ઐતિહાસિક ગુજરાત જ્ઞાન સંપદા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.


**તા.૦૫/૦૯/૨૦૨૦ના રોજ "સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઈતિહાસ" વિષય પર માઇક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાન આપતા ડૉ.ધર્મેશભાઈ સી.પંડ્યા (એસો.પ્રો.,આર્ટ્સ & કોમર્સ કોલેજ વ્યારા)**








તા.૩૦/૦૯/૨૦ના બુધવારના રોજ ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન વ્યાખ્યાનમાં વક્તા પ્રો.અમીબેન પી.નાયકનો શાબ્દિક પરિચય આપતા આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ.




"ગાંધીજી અને દાંડીકૂચ" વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન આપતા પ્રો.અમીબેન પી.નાયક(એસો. પ્રો. એન્ડ હેડ, પી.આર.બી..આર્ટસ & પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી) અને આભાર વ્યકત કરતાં પ્રા. સુનિલભાઇ એમ જાદવ

# તા.૦૮/૦૩/૨૦૨૧ સોમવારના રોજ "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"પર વ્યાખ્યાન




તા.૦૮/૦૩/૨૦૨૧ સોમવારના રોજ"આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"પર વ્યાખ્યાન આપતા પ્રા.ડૉ. સિતાબાઈ નામદેવ પવારે (આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ઈન્દ્રપુર, પૂના મહારાષ્ટ્ર)અને કાર્યક્રમનું સંચાલન કરતાં પ્રા. ધર્મરાજ ટેંભરે.





દિવ્ય ભાસ્કર નવસારી 09-03-2021


**ખેરગામમાં દીકરીઓના ભવિષ્યને ઉજ્જવળ બનાવનાર મહિલાનું સન્માન**

ખેરગામ | ખેરગામ કોલેજમાં S.Y.B.COMમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કંસારા દિવ્યાના માતા ફાલ્ગુનીબેન કંસારા ઘરની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે પોતે 10 ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે અને કંઠ્ય સંગીત ગાવાનો ખૂબ શોખ છે. પરિવારમાં ચાર દીકરીઓના ઉછેરની જવાબદારીની સાથે પોતાની દીકરીઓ વધુ અભ્યાસ કરે તે માટે પોતે લોજિંગનું કામ કરીને દિકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બને તેવા પ્રયાસો કરી રહ્યા છે.મહિલા દિનના દિવસે નામાંકિત મહિલાઓનું બહુમાન થાય છે,પરંતુ જે ખરેખર પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર તેમજ દેશના ભવિષ્યને ઉજ્જ્વ બનાવવાના જેનામાં ઉમદા વિચારો રહેલા છે એવી મહિલાનું બહુમાન થાય તો સમાજને એક નવી દિશા મળે, માનસિકતામાં બદલાવ આવે એ હેતુથી કોલેજના આચાર્ય ડૉ. એસ.એમ.પટેલ તેમજ IQAC કમિટિ દ્વારા મહિલા દિને ખેરગામ કોલેજની વિદ્યાર્થીની દિવ્યા કંસારાની માતા ફાલ્ગુનીબેન કંસારાનું પુષ્પ અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું. મહિલા દિન નિમિત્તે મહામૂલા પ્રસંગને બિરદાવતા આ સમગ્ર કોલેજ પરિવાર આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી. અંતમાં સંસ્થા પરિવાર વતી પ્રા.ડૉ.પારુલ ચૌધરીએ આભાર વ્યક્ત કર્યો હતો.

VEHICLE FOR SALE
Vehicle Model
BAJAJ RE COMPACT CNG
Model Year : 2019
Reg No. : GJ21X1791
INDUSIND BANK LTD
Shop No. 1, 2, 3, Suresh Residency, Nr. Technical School, Sindhi Camp Road, Navsari-396445
HARISING PATEL
74900 05539

"આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"નિમિત્તે ફાલ્ગુનીબેન કંસારાનું સન્માન કરતાં આચાર્ય ડૉ. એસ. એમ. પટેલ

## ૦૧/૦૫/૨૦૨૧ ૬૧ માં ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે વકતૃત્વ કાર્યક્રમ




ડૉ.બાબાસહેબ આંબેડકરની ૧૩૦મી જન્મ જયંતિ નિમિત્તે માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી વકતૃત્વ કાર્યક્રમાં સહભાગી થયેલ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો.

## ૧૦.૨.૬. ગ્રંથાલય વિભાગ અહેવાલ શૈ.વર્ષ – ૨૦૨૦-૨૧

કોલેજ લાઇબ્રેરી શૈક્ષણિક તેમજ વૈજ્ઞાનિક માહિતીના સંગ્રહ અને વિકાસ તથા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની શૈક્ષણિક અને વાંચન જરૂરિયાત સંતોષવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કોલજ ગ્રંથાલયમાં કોલેજમાં ચાલતા અભ્યાસક્રમને લગતા પાઠ્યપુસ્તકો, જુદા જુદા વિષયના સંદર્ભ પુસ્તકો તેમજ જનરલ સંદર્ભ ગ્રંથો જેવા કે ડિક્શનરી, ગુજરાતી વિશ્વકોશ, ભગવદ્ગોમંડલ, પર્યાવરણ વિશ્વકોશ, નકશા વગેરે તથા સામાન્ય જ્ઞાન, સ્પર્ધાત્મક પરીક્ષા, ધર્મ અને વ્યક્તિત્વ વિકાસને લગતા પુસ્તકોનો સમૃધ્ધ ગ્રંથ સંગ્રહ ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં 16,000 થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. આ સંગ્રહમાં દર વર્ષે સતત વધારો થતો રહે છે. ૨૧ જેટલા સામયિક/મેંગેઝિન તેમજ ગુજરાત મિત્ર, દિવ્ય ભાસ્કર, સંદેશ, દમણગંગા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ધ હિન્દુ અને નવભારત ટાઈમ્સ જેવા ન્યૂઝપેપર સબસ્ક્રાઇબ કરવામાં આવ્યા છે. સાથે કોલેજ ગ્રંથાલયમાં E-Books, E-Journals અને Database માટે INFLIBNET (Information and Library Network Centre, Gandhinagar) નો N-LIST પ્રોગ્રામ સબસ્ક્રાઇબ કરવામાં આવેલ છે. તેના એકસએસ/ઉપયોગ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને યુઝર આઈડી અને પાસવર્ડ આપવામાં આવ્યા છે. જેના દ્વારા તેઓ E-Resources નો ઉપયોગ કોલેજની લાઇબ્રેરી, કોમ્પુટર લેબ કે પછી કોલેજ કેમ્પસ બહારથી પણ એક્સેસ કરી શકે છે. આ બધીજ ગ્રંથ સમૃદ્ધિનો વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક જરૂરિયાત, સામાન્ય જ્ઞાન તથા વ્યક્તિત્વ વિકાસ માટે, અધ્યાપકો તેમની શૈક્ષણિક જરૂરિયાત તેમજ સંશોધન માટે અને વહીવટી કર્મચારીઓ પણ તેમની જરૂરિયાત મુજબ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ નિયમિત રીતે આ લાઇબ્રેરીનો ઉપયોગ કરે છે. તેઓને તેમની જરૂરિયાતની વાંચન સામગ્રી ઇસ્યુ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦ – ૨૧માં સરકારશ્રીની કોવિડ-૧૯ની વખતો વખતની ગાઈડ લાઇન અને અનલોક અંગેની ગાઈડલાઇનનું પાલન કરીને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પુસ્તક/પાઠ્ય સામગ્રીની આપ-લે કરવામાં આવેલ છે. આ આ સમયગાળા દરમ્યાન ૩૦૮૨ જેટલા પુસ્તકોની/પાઠ્ય સામગ્રીની આપ-લે કરવામાં આવી હતી.

### વર્ષ દરમ્યાન ખરીદી કરાયેલ પુસ્તકો અને સામયિક/મેગેઝિન (૨૦૨૦-૨૧)

| વિગત | કુલ | કુલ ખર્ચ |
|---|---|---|
| પુસ્તકો | 602 | 69893 |
| સામયિક/મેગેઝિન | 21 | 10686 |
| N-LIST (e-Journals) | 6000+ | 5900 |
| **N-LIST (e- Books) અને નેશનલ ડિજિટલ લાઈબ્રરી** | **199500(NList) + 600000 (NDL)** | |


## લાઇબ્રેરી સર્વિસ:

કોલેજ ગ્રંથાલયની વિવિધ સર્વિસ જેવીકે ડોક્યુમેન્ટસ સર્ક્યુલેશન, રેફરન્સ સર્વિસ, કરંટ અવેરનેશ સર્વિસ, કોમ્પ્યુટરાઈઝ ઈન્ફર્મેશન સર્વિસ, ડોક્યુમેન્ટ ડિલિવરી સર્વિસ, રિપ્રોગ્રાફીક/પ્રિન્ટ, રેફરલ સર્વિસ, યુઝર ઓરીએન્ટેશન એંડ એઝયુકેશન, રિમોટ લોગિન સર્વિસ થ્રુ આઈ પ્રોક્સી, સ્પર્ધાત્મક પરીક્ષા કોર્નર વગેરે દ્વારા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ સતત તેમના ફિલ્ડમાં અપડેટ રહે અને તેમના જ્ઞાનમાં સતત વધારો કરતાં રહે સાથે તેમના વાંચન કૌશલ્ય/રીડિંગ હેબિટનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

## ગ્રંથાલય એક્સટેન્શન પ્રવૃતિ :

દર વર્ષે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં રિસોર્સિસનો ઉપયોગ કરવા માટે માહિતગાર થાય તે માટે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧માં ગ્રંથાલય વિભાગ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર વિષય પર ઓનલાઈન વિચાર લેખન (Thought Writing)નું આયોજન કરવામાં આવ્યું હતું.

**(Thought Writing) Date: 07/12/2020 to 10/12/2020**















- અધ્યક્ષ, ગ્રંથાલય સમિતિ

# ૧૧. કોલેજમાં થયેલ અન્ય પ્રવૃત્તિઓનાં અહેવાલ અને ફોટોગ્રાફ્સ

## ૧૧.૧. COVID-19ની મહામારીની તકેદારી અંગેની થયેલ પ્રવૃતિઓનો અહેવાલ

કોરોના વૈશ્વિક મહામારી સામે આખું વિશ્વ ઝઝુમી રહ્યું છે. સમગ્ર વિશ્વ તેનાથી બચવા માટે અનેક પ્રયત્નો કરી રહ્યું છે અને સાવચેતીના અનેક ઉપાયો શોધી રહ્યું છે. ભારતમાં Covid-19 ના પ્રવેશથી રાષ્ટ્રીય લોકડાઉન કરવાની પરિસ્થિતિ ઉભી થઈ. સરકારશ્રી દ્વારા વખતોવખત અનેક માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવી. શાળા-કોલેજો બંધ રહેતા ઓનલાઇન શૈક્ષણિક કાર્ય કરાવવાની ફરજ પડી, જે એક રીતે તો નવી ટેકનોલોજી તરફ દોરી જનારુ રહ્યું. Covid-19 સંદર્ભે સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ શાળા-કોલેજો શરૂ થતાં શાળા-કોલેજોમાં સંક્રમણ ન ફેલાઇ તે માટે વિવિધ પગલાઓ લેવા જણાવવામાં આવ્યુ, જે સંદર્ભે અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામમાં પણ સાવચેતીનાં પગલારૂપ વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા. કોલેજ શરૂ થતાં સંપૂર્ણ બિલ્ડીંગમાં સેનિટાઇઝર કરવામાં આવ્યું. આચાર્યશ્રી દ્વારા સમગ્ર કોલેજ સ્ટાફને માસ્ક આપવામાં આવ્યાં. Covid-19 સંદર્ભે વિદ્યાર્થીઓમાં જાગરુકતા આવે તે માટે કોલેજની પરીક્ષા સમિતિ દ્વારા ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વક્તા એવા ડૉ.નિરવ પટેલ દ્વારા કોરોના સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું. કોલેજનાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ દ્વારા પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં. જાન્યુઆરી ૨૦૨૧ માં લેવામાં આવેલ Sem.૧&3&૫ ની પરીક્ષા દરમિયાન સાવચેતીનાં પગલારૂપે ખેરગામ P.H.C સેન્ટરનાં કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું થર્મલ ચેકિંગ કરવામાં આવ્યુ, ફરજીયાત માસ્ક સાથે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, સામાજીક અંતર રાખી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી.લોકડાઉનનાં સમયગાળા દરમિયાન કોલેજનાં NSSવિભાગનાં સ્વયંસેવકોએઅનાજ વિતરણનાં કેન્દ્રો પર વોલેન્ટીયર્સ તરીકે ભૂમિકા ભજવી.કોલેજનાં તમામ વિદ્યાર્થીઓને ઉકાળો પિવડાવવામાં આવ્યો. વિવિધ ફેકલ્ટીઓ દ્વારા ઓનલાઇન વેબિનારો યોજવામાં આવ્યા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન પરીક્ષાનું આયોજન થતાં પરીક્ષા અને ઇન્ટરનલ માર્કસનું કાર્ય પૂર્ણ કરેલ છે.

## કાઢો વિતરણ કાર્યક્રમ – ૨૪/૦૯/૨૦૨૦













કાઢો વિતરણની કામગીરી નિહાળતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ. પટેલ અને કાઢો પીતા વિદ્યાર્થીઓ



કોલેજ બિલ્ડીંગમાં સેનેટાઈઝિંગની કામગીરી નિહાળતા આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ

## ૧૧.૨. કોલેજ પટાંગણમાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી - તા.૧૫/૦૮/૨૦૨૦



કોલેજ પટાંગણમાં ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિતે ધ્વજ વંદન કરતા આચાર્શ્રી તથા ઉપસ્થિત રહેલ સ્ટાફગણ